LACTOSE (INDIA) LIMITED
CIN : L15201GJ1991PLC015186

To

BSE Limited

Phiroze Jeejeebhoy Towers,

Dalal Street, Mumbai- 400001

Scrip code – 524202

Subject: Regulation 30 and Regulation 47(3) of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015

Dear Sir /Madam,

In terms of Regulation 30 and Regulation 47(3) of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (LODR), please find attached newspaper cuttings of the advertisement in relation to the financial results for the First quarter ended on 30'" June, 2021 as specified in Regulation 33 of LODR published in Business Standard (English) and Baroda Samachar on 13th August, 2021 and the same is also being displayed on the website of the Company viz www.lactoseindialimited.com.

Kindly take the same on your records.

Thanking you,

Yours faithfully

FOR LACTOSE (INDIA) LIMITED

RITESH KUMAR PANDEY

Digitally signed by RITESH KUMAR PANDEY
Date: 2021.08.13 12:29:24 +05'30'

Ritesh Pandey

Company Secretary & Compliance Officer

Membership No: A45942

Date: 13th August, 2021

Place: Mumbai

ડભોઇ નગરપાલિકાની નિષ્ફળતા - ઢોર ડબ્બા હોવા છતાં તેની માવજત- યોગ્ય ઉપયોગ કરવામાં જવાબદાર તંત્ર નિદ્રામાં

ડભોઈ નગર પાલિકા પાસે ઢોર ડબ્બા હોવા છતાં તેની માવજત ન કરાતાં- યોગ્ય ઉપયોગ ન કરતા ખંડેર હાલતમાં.
તસ્વીર-નિમેષ સોની ડભોઇ

ડભોઈ નગરપાલિકા નિષ્ફળતા સામે આવતા ડભોઈ નગરમાં હડકંપ મચી જવાપામ્યો છે. હાલમાં થોડાક દિવસોથી નધણિયાત ઢોરોના ત્રાસથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી રહ્યા છે. હાલની પ્રવર્તમાન સરકાર સ્માર્ટ નગરો બનાવવા સતત પ્રયત્નશીલ છે અને સુવિધાઓ ઉભી કરવા અઢળક ગ્રાન્ટો આપી રહી છે પરંતુ ડભોઈ નગરપાલિકાનું જવાબદાર તંત્ર સુવિધાઓ હોવા છતાં નિષ્કાળજી દાખવતુ હોવાથી નગરમાં છેલ્લા ઘણા સમયથી નધણિયાત ઢોરોનો ત્રાસ પુષ્કળ પ્રમાણમાં વધી રહ્યો છે. તેમાં પણ આ અઠવાડિયામાં આવા નધણિયાત ઢોરોના ત્રાસના કારણે અકસ્માતના બે બનાવો સામે આવ્યા છે . જેમાં એક યુવાને પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. નધણિયાત રખડતા ઢોરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે, કે સામાન્ય નાગરિકને આવવા-જવા માં, શાળા-કોલેજ જતા બાળકો, સિનિયર સિટીઝનો, મહિલાઓ તેમજ રાહદારીઓને આ ઢોરોના ત્રાસના કારણે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

હાલમાં સ્થાનિક આગેવાનોની સતત રજૂઆતોને કારણે સરકારશ્રી નગરનો વિકાસ કરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરી રહી છે પરંતુ ઘોર નિદ્રામાં ઊંઘતા ડભોઈ નગરપાલિકાના જવાબદાર અધિકારી તેમનાં સ્વપ્નો ઉપર પાણી ફેરવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે નગરપાલિકા પાસે ઢોર ડબ્બાની સગવડો હોવા છતાં પણ તેનો યોગ્ય ઉપયોગ કે માવજત કરાતી નથી. સત્તાધીશ અધિકારીઓ પાસે "વડોદરા સમાચાર" ના પ્રતિનિધિએ આ નધણિયાત રખડતા ઢોરો ના ત્રાસ બાબતે ઉકેલ લાવવા અને ઢોર ડબ્બાની સગવડો અને ઉપયોગ અંગે રજૂઆતો કરી જાત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે જવાબદાર અધિકારીએ જણાવ્યું હતું કે, આ નધણિયાત ઢોર ક્યાંથી આવે છે તેની તેઓને ખબર જ નથી અને હવેથી ઢોર ડબ્બાઓના યોગ્ય ઉપયોગ કરાશે. નધણિયાત ઢોરોને પકડવાની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, પરંતુ પ્રજાને તેનો ઉકેલ ક્યારે મળશે ? નગરના કેટલાક સામાજિક કાર્યકરોએ પણ ચીફ ઓફિસર એસ.કે .ગરવાલ સાથે સીધી વાતચીત કરતાં તેઓએ જણાવ્યુ હતું કે ઢોર ડબ્બા હવેથી અમો ચાલુ કરી દઈશું. તો શું આ નગર પાલિકાનું તંત્ર અત્યાર સુધી ઘોર નિંદ્રામાં હતું ? કે પછી નગરમાં કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે ? કે પછી હજી નિર્દોષ જીવ ગુમાવ્યા પછી પણ આ ઢોર ડબ્બાનો પુનઃ યોગ્ય ઉપયોગ કરવામાં આવશે કે નહીં ? તેવા અનેક સવાલો નગરમાં ચર્ચાઈ રહ્યા છે. સરકાર દ્વારા ફાળવેલી કરોડોની ગ્રાન્ટ માંથી આ ઢોર ડબ્બા બનાવવામાં આવ્યા છે. તો જાગૃત નાગરિકો - મિડિયા મિત્રો એ આ ઢોર ડબ્બાની તપાસ કરતા માલુમ પડ્યું કે ત્યાં તો જંગલી બાવળિયાનું સામ્રાજ્ય થઈ ગયું છે અને આ ઢોર ડબ્બાનો ગેટ પણ તૂટેલી-ફૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે, પાણીની સગવડોનો અભાવ છે. તો શું અત્યાર સુધી ડભોઈ નગરપાલિકા ઢોર ડબ્બા નો ઉપયોગ કર્યો હશે કે પછી માત્ર સરકારની ગ્રાન્ટ પૂરી કરી તેને બનાવવા ખાતર જ બનાવી મૂક્યું છે. આ ઉપરાંત ઢોરોને પકડવા માટેનું લાખો રૂપિયાને ખર્ચે ખરીદેલ વાહન પણ બિસ્માર હાલતમાં હોવાનું જાણવા મળેલ છે . નગરપાલિકા અધિનિયમની જોગવાઈ ક.૨૩૯,(૧અને૨) મુજબ ઢોર ડબ્બા બાબતે મુખ્ય અધિકારીને સતા મળેલી છે અને ક-૨૪૦ મુજબ જવાબદારોને શિક્ષા કરવાનો અધિકાર મળેલ છે તેમજ ક-૨૪૨ મુજબ નધણિયાત ઢોરોને પકડી વેચાણ કરવા બાબતની જોગવાઈઓ પણ થયેલી છે. પરંતુ જવાબદાર અધિકારી પોતાની ફરજો બાબતે વારંવાર નિષ્કાળજી દાખવતાં હોવાથી નગરજનોને આવી બાબતોએ ભોગ બનવું પડતું હોય છે. આ બાબતે નગરપાલિકાના સદસ્ય અને ભા.જ.પા.ના અગ્રણી બિરેન શાહને રજૂઆતો થતાં તેઓએ સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી.

‘સ્વર્ણિમ વિજય વર્ષ વિકટરી મશાલ’ INS દ્વારકા ખાતે પહોંચી

અમદાવાદ ૧૨

‘સ્વર્ણિમ વિજય મશાલ’ વિજય જ્યોત, દેશભરમાં એક છેડાથી બીજા છેડા સુધીની તેની સફરના ભાગરૂપે ૦૮ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ ઓખામાં આવેલા ઈંગજ દ્વારકા ખાતે પહોંચી હતી. સ્વર્ણિમ વિજય મશાલ ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ (જેને વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે)ના રોજ નવી દિલ્હી ખાતેથી એક વર્ષની સફરે નીકળી હતી. ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતે મેળવેલા કિર્તીપૂર્ણ વિજયના ૫૦ વર્ષ નિમિત્તે આ સ્વર્ણિમ વિજય મશાલને દેશભરમાં ફેરવવામાં આવી રહી છે.

નેવલ સ્ટેશન ખાતે સંપૂર્ણ સૈન્ય સન્માન સાથે આ વિજય મશાલને આવકારવામાં આવી હતી. વિજય મશાલ માટે સ્મૃતિ સમારંભ ૧૦ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ યોજવામાં આવ્યો હતો. લેફ્ટેનન્ટ જનરલ (નિવૃત્ત) મહીપત સિંહ PVSM AVSM ના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં NOIC (ગુજરાત), DIG, COMDIS-15, જહાજ / યુનિટ્સના કમાન્ડિંગ ઓફિસરો, નાગરિક મહાનુભાવો અને સશસ્ત્ર દળોના નિવૃત્ત સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા. પરેડ ગ્રાઉન્ડ ખાતે મશાલના આગમન સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો અને બાદમાં મહાનુભાવોએ શહીદોને પુષ્પાંજલી અર્પણ કરી હતી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

"આત્મનિર્ભર નારી શક્તિના કાર્યક્રમ હેઠળ ડભોઇ તાલુકાના સખીમંડળમાં ઓનલાઈન ફંડ વિતરણ કાર્યક્રમ"

(આત્મનિર્ભર નારી શક્તિના કાર્યક્રમમાં ડભોઈ તાલુકાના સખીમંડળો એ ભાગ લીધો છે તસ્વિરમાં નજરે પડે છે.
તસ્વીર-નિમેષ સોની,ડભોઈ)

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશની મહિલાઓ પગભર બને તે માટે વેબકાસ્ટના માધ્યમથી આત્મનિર્ભર કાયૅકમ હેઠળ દેશની મહિલાઓ પરિપેક્ષમાં ખાસ મહિલાઓને સંબોધન કરી દેશભરના વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓ સાથે ઈ-સંવાદ કર્યો હતો. જેમાં માનનીય પ્રધામંત્રીના આત્મનિર્ભર નારી શક્તિ સાથે સીધો સંવાદ નું આયોજન ડભોઈ તાલુકાના સત્તર ગામ પટેલ વાડી ખાતે યોજાયો હતો.જેમાં સખી મંડળોની બહેનો ને પ્રોત્સાહક રકમ તથા કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ નુ ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવેલ હતું. જિલ્લા ગ્રામ વિકાસની વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓ અને સ્વસહાય જૂથની બહેનોને માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડભોઈ તાલુકાના ચાર જેટલા સખીમંડળોમાં ઓનલાઈન ફંડ કરવામાં આવ્યું હતું. જેથી મહિલાઓ પોતે પગભર બની રહે તે માટે સરકારે આત્મનિર્ભર નારી યોજના અમલમાં મૂકી છે તેમજ બીજા અન્ય સખીમંડળોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે. આ કાર્યક્રમ માં તાલુકા વિકાસ અધીકારી તેજલબેન રાણા ,જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પટેલ (વકીલ) , તાલુકા પ્રમુખ લોપાબેન નિરવભાઈ પટેલ, ઉપ પ્રમુખ યગ્નેશભાઈ ઠાકોર હાજર રહ્યા હતા.

The Maharaja Sayajirao University of Baroda
Vadodara - 390 002. Gujarat. India

QUOTATION NOTICE NO. EX 14/571

The sealed quotations superscribed **"Quotation for Line Matrix Printer Cartridge Ribbon"** are invited for the Supp;y of the :ine Matrix Printer Cartridge Ribbons as per the quotation letter. It has to reach the undersigned on or before 23/08/2021 before 4.00 p.m. The quotations will be opened at 4.00 p.m. on the same day.

The quotation letter with specifications and terms and conditions can be accessed from the university website - https://www.msubaroda.ac.in

Vadodara
06/08/2021 (માહિતી-વડો-૫૮૫-૨૧-૨૨) Registrar (Offg.)

ગુજરાતના ૬ પોલીસકર્મીને કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા અપાશે પુરસ્કાર

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧૨

ગુજરાત સહિત દેશમાંથી બહાદૂર પોલીસ કર્મચારીઓને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ૬ પોલીસકર્મીઓને કેન્દ્ર સરકાર દ્વારા તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર આપવામાં આવશે. પોલીસ વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી માટે ગૃહ મંત્રાલય દ્વારા ૧૫ ઓગસ્ટના રોજ આ પુરસ્કાર આપવામાં આવશે. ગુજસીટોકના ઓરાપીઓ સામે તપાસની શ્રેષ્ઠ કાર્યવાહી કરવા બદલ આ તમામ પોલીસ કર્મચારીઓની પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે આઈપીએસ નિતેશ પાંડ્યે (જામનગર) અને વિધી ચૌધરી (સુરત)નો સમાવેશ થાય છે. જ્યારે ૪ પોલીસ ઈન્સ્પેક્ટર પૈકી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના બે પીઆઈ દર્શન બારડ અને એ.વાય.બલોચની પુરસ્કાર આપવા માટે પસંદગી થઇ છે તેમજ અન્ય બે પીઆઈ મહેન્દ્ર સાલુંકે અને મંગુભાઇ તડવીને પણ શ્રેષ્ઠ તપાસ માટે પુરસ્કાર મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના ૧૫૨ પોલીસ કર્મચારીઓને આ વર્ષે યુનિયન હોમ મિનિસ્ટર મેડલ ફોર એક્સિલન્સ ઈન ઈન્વેસ્ટીગેશન મેડલથી નવાજવામાં આવનાર છે. ઉત્કૃષ્ઠ તપાસ કામગીરી માટે આ તમામ પોલીસ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવનાર છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે માહિતી આપી છે કે, આ વર્ષ ૨૦૨૧ ના એવોર્ડમાં સૌથી વધુ સીબીઆઈના ૧૫ પોલીસ કર્મચારીઓ સામેલ છે. તો ૧૫૨ માંથી ૨૮ મહિલા પોલીસ કર્મચારી છે.

સીબીઆઈના ૧૫ કર્મીઓ ઉપરાંત મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર પોલીસના ૧૧-૧૧, ઉત્તર પ્રદેશ પોલીસના ૧૦, કેરળ અને રાજસ્થાન પોલીસના ૯-૯, તમિલનાડુ પોલીસના ૮, બિહારના ૭ તેમજ ગુજરાત, કર્ણાટક અને દિલ્હી પોલીસના ૬-૬ કર્મચારીઓને એવોર્ડ આપવામાં આવશે. ગત વર્ષે ૨૦૨૦ માં કુલ ૧૨૧ પોલીસ કર્મચારીઓની સન્માનિત કરાયા હતા.

અમદાવાદમાં એનસીબીને મળી મોટી સફળતા, ૨૦ કરોડના ૪ કિલો કોકેઇન સાથે આફ્રિકન પેડલર ઝડપાયો

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોને મોટી સફળતા હાથ લાગી છે જેમાં અમદાવાદ એરપોર્ટ પરથી આફ્રિકન નાગરિકને ૪ કિલો કોકેઈન સાથે ઝડપી પાડ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ૨૦ કરોડ રૂપિયા જેટલી કિંમત થવા જાય છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, એનસીબીની ટીમે અમદાવાદ એરપોર્ટ પરથી ઈમીગ્રેશન વિભાગમાંથી કોકેઈનના જથ્થા સાથે આફ્રિકન ડ્રગ પેડલરની ધરપકડ કરી હતી. ડેરિક પિલ્લાઈ નામનો આ વિદેશી નાગરિક દોહાથી અમદાવાદની ફ્લાઈટમાં દિલ્હીથી આવતો હતો. પિલ્લાઈ વિરુદ્ધ ૭૦ મુજબની એલઓસી નોટિસ પણ જાહેર કરવામાં આવી હતી. આરોપી ડેરીક પીલ્લાઈ પાસેથી જપ્ત કરવામાં આવેલા ૪ કિલો કોકેઈનના મસમોટા જથ્થાની અંદાજિત આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂપિયા ૨૦ કરોડ જેટલી થાય છે.

વડોદરામાં બંસલ મોલમાંથી તસ્કરો ડ્રાયફ્રૂટ્સ, કપડા સહિતની ચોરી કરી ફરાર

વડોદરા,તા.૧૨

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા બંસલ મોલમાંથી તસ્કરોને રોકડ ન મળતા ડ્રાયફ્રૂટ્સ અને કપડા સહિત રૂપિયા ૫૨ હજારની ચીજવસ્તુઓ ચોરી ફરાર ગયા હતા. તસ્કરોએ સીસીટીવીના વાયર કાપીને ડીવીઆર તોડી નાખ્યું હતું. આ બનાવ અંગે મોલના વહીવટકર્તાએ ગોત્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા બંસલ મોલને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. તસ્કરો મોલના પાછળના ભાગે આવેલા બાથરૂમની બારીના કાચ ખોલી મોલમાં પ્રવેશ્યા હતા અને મોલ સ્થિત સ્ટોરમાં જવાના દરવાજાનો કાચ તોડી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. તસ્કરોને મોલમાંથી રોકડ ન મળતા મોલમાંથી ૨૩ નંગ જીન્સના પેન્ટ, બદામના ૧૨ પેકેટ, અમૂલ ચીઝના ૨૦ પેકેટ, ફોર્મલ પેન્ટ, કપડા ભરવાની બેગ, ઈલાયચીના ૩૨ પેકેટ, કાજુના ૨૦ પેકેટ, ૭ જોડી સ્પોર્ટ શૂઝ, અંડર ગારમેન્ટ, શર્ટ, અખરોટના ૩ પેકેટ અને આઈસક્રીમનો સમાવેશ થાય છે.

મોડી રાત્રે બંસલ

લેક્ટોસ (ઈંડિયા) લિમિટેડ
સીઆઈએનએલ ૧૫૨૦૧જીજે૧૯૯૧પીએલસી૦૧૫૧૮૬
રજી. ઑફિસ: વિલેજ પોઈચા (રાણીયા), સાવલી, જીલ્લો: વડોદરા, ગુજરાત: ૩૯૧૭૮૦ વેબસાઈટ: www.lactoseindia.com
ઈ-મેઈલ આઈડી,: lil@lactoseindialimited.com ટેલિફોન/ફેક્સ નં: ૦૨૬૬૭ - ૨૪૪૩૦૮

૩૦મી જૂન૨૦૨૧નાં રોજ પુરા થતાં ત્રૈમાસિક માટેનાં અનઓડિટેડ ફાઈનાન્સીયલ રીઝલ્ટસનો સારાંશ

(રૂા. લાખમાં)

અનુ. નં.	વિગત	પૂરા થતા ત્રણ માસ ૩૦-જૂન-૨૧ (અનઓડિટેડ)	૩૧-માર્ચ ૨૧ (ઓડિટેડ)	૩૦-જૂન-૨૧ (અનઓડિટેડ)	પૂરું થતું વર્ષ ૩૧-માર્ચ ૨૧ (ઓડિટેડ)
૧	વ્યવહારોમાંથી કુલ આવક (ચોખ્ખી)	૮૬૫.૬૭	૧,૦૧૧.૧૯	૬૪૨.૫૧	૩,૫૨૭.૬૨
૨	સમયગાળા માટેનો પ્રાથમિકતાથી ચોખ્ખો નફો/ખોટ ટેક્સ પહેલા, એક્સેપ્શનલ તેમજ/અથવા એક્સ્ટ્રાઓર્ડીનરી વસ્તુઓ)	-૬૦.૮૫	૩૨.૫૯	- ૧૮૭.૦૨	- ૩૨૭.૦૫
૩	ટેક્સ પહેલાના સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ખોટ (એક્સેપ્શનલ તેમજ/અથવા એક્સ્ટ્રા ઓર્ડિનરી વસ્તુઓ પાછળ	-૬૦.૮૫	૩૨.૫૯	- ૧૮૭.૦૨	- ૩૨૭.૦૫
	ટેક્સ પછીનાસમયગાળામાટેનો ચોખ્ખોનફો/ખોટ (એક્સેપ્શનલ તેમજ/ ... એક્સ્ટ્રાઓર્ડિનરી વસ્તુઓ પાછળ)	-૪૫.૩૫	૨૯.૭૩	- ૧૩૬.૦૪	- ૨૪૭.૯૬
	... સમયગાળા માટેની કુલ વ્યાપક આવક (ટેક્સ પછીનાં સમયગાળા માટે ... નફો/ખોટ તેમજ ટેક્સ બાદની અન્ય સમાવિષ્ટ ...)	-૪૫.૩૫	૩૫.૨૭	-૧૩૬.૦૪	-૨૪૧.૨૩
	ઈક્વિટી શેર કેપિટલ (... રૂા. ૧૦)	૧,૧૪૩.૭૦	૧,૧૪૩.૭૦	૧,૦૧૮.૯૦	૧,૧૪૩.૭૦
	... દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પહેલા) (... ૧૦નો શેર) (વાર્ષિક નથી) ... પાયાની ... ડાયલ્યુટેડ	-૦.૪૭ / -૦.૪૭	૦.૨૬ / ૦.૨૬	-૧.૩૪ / -૧.૩૪	-૨.૪૦ / -૨.૪૦
	... દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પછી) (... ૧૦નો શેર) (વાર્ષિક નથી) ... પાયાની ... ડાયલ્યુટેડ	-૦.૪૭ / -૦.૪૭	૦.૨૬ / ૦.૨૬	-૧.૩૪ / -૧.૩૪	-૨.૪૦ / -૨.૪૦

... ૩૦ જૂન ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે, ... (લિસ્ટિંગ અને અન્ય જાહેરાત આવશ્યકતાઓ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં ... છે. ૩૦ જૂન ૨૦૨૧ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામનું સંપૂર્ણ બંધારણ www.bseindia.com અને ... lactoseindia.com પર ઉપલબ્ધ છે.
... ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના કંપનીના ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામોની ઓડિટ કમિટી દ્વારા ... કરવામાં આવી છે અને ૧૨ ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ મળેલી બેઠકમાં નિયામક મંડળ દ્વારા માન્યતા પ્રાપ્ત રેકોર્ડ પર લેવામાં આવી છે.
... ત પરિણામો કોર્પોરેટ અફેર્સના મંત્રાલય દ્વારા સૂચિત ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ (ઇન્ડિયા એએસ) નું સુસંગત છે
... ત્રિમાસિક ગાળાની તુલનાત્મક નાણાકીય માહિતીને વર્તમાન ક્વાર્ટરના આંકડાને અનુરૂપ હોવાને ધ્યાનમાં લેતા ફરીથી ગોઠવવામાં / ફરીથી ... વામાં આવી છે.

બોર્ડ વતી,
અતુલ મહેશ્વરી
મેનેજીંગ ડાયરેક્ટર
ડીએન: ૦૦૨૫૫૨૦૨

...બઈ
૧૨ ઓગષ્ટ ૨૦૨૧

EVEXIA LIFECARE LIMITED
(Formerly known as Kavit Industries Limited)
CIN: L45200GJ1995PLC028373
Regd. Office:TundavAnjesar Road, Vill: Tundav, Tal: Savli, Dist: Vadodara – 391775
Email - Kavitindustrieslimited@Gmail.com, info@evexialifecare.com Website: www.evexialifecare.com

EXTRACT OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2021

(Rs. In Lakhs)

Particulars	Standalone				Consolidated			
	Quarter ended 30.06.2021 (Unaudited)	Quarter ended 31.03.2021 (Audited)	Quarter ended 30.06.2020 (Unaudited)	Year ended 31.03.2021 (Audited)	Quarter ended 30.06.2021 (Unaudited)	Quarter ended 31.03.2021 (Audited)	Quarter ended 30.06.2020 (Unaudited)	Year ended 31.03.2021 (Audited)
Total Income from operations	1703.60	1581.01	341.05	5067.81	2028.35	1586.21	343.62	10662.68
Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	36.16	76.08	25.46	185.67	64.00	73.67	23.38	192.18
Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	36.16	76.08	25.46	185.67	64.00	73.67	23.38	192.18
Net Profit (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	26.76	44.10	18.84	125.19	47.36	40.56	17.30	128.26
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after Tax) and other Comprehensive Income (after tax)]	26.76	42.27	18.84	123.36	47.36	40.33	17.30	128.05
Equity Share Capital (Face Value of Rs.10/- each)	6193.33	6193.33	6193.33	6193.33	6193.33	6193.33	6193.33	6193.33
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	-	-	-	-	
Earnings Per Share (FV of Rs.10/- each) (for continuing and discontinued operations) 1. Basic EPS	0.04	0.07	0.03	0.20	0.08	0.07	0.03	0.21

Notes to Consolidated Financial Results - Q1 FY 2021-2022
1. The results have been approved at the meeting of Board of Directors held on 11th August 2021
2. The Company has not provided for provision related to defined benefits plan for the quarter ended 30th June 2021 and hence corresponding deferred tax expenses also not provided.
3. Previous year figures have been regrouped / rearranged, wherever necessary.
4. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange (s) and the listed entity htpp:// www.evexialifecare.com.

For and On behalf of the Board of Directors

Date: 11th August 2021
Place: Vadodara

Sd/-
Jayesh Thakkar - Managing Director
DIN: 01631093

INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED
Registered Office : 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
CIN: L25200GJ1973PLC002436
Tel. No. : +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
E mail : INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2021

(INR in Lakhs except EPS)

Sr No	Particulars	Quarter ended on June 30,2021	Quarter ended on March 31, 2021	Quarter ended on June 30,2020	For the year ended on March 31, 2021
1	Total Income from Operations	45,472.31	63,654.76	11,552.05	1,63,148.40
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	11,843.47	21,645.51	(3,070.87)	37,607.38
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	11,843.47	21,645.51	(3,070.87)	37,607.38
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	8,603.08	16,140.22	(2,002.51)	28,021.52
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	8,571.82	16,150.59	(2,020.79)	27,949.41
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	--	--	--	87,119.44
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	48.92	91.78	(11.39)	159.34

Notes:
(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on August 12, 2021. The limited review report does not contain any qualification by the statutory auditors.
(2) The above is an extract of the detailed format of the financial results for the quarter ended on June 30, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : August 12, 2021